### લાખોના ટેન્ડરમાં 'થર્મોકોલ' પધરાવી જનતાના જીવ સાથે ખીલવાડ ?

## વાંકોલ ગામે પુલના કામમાં ભ્રષ્ટાચારની બૂ



(પ્રતિનિધિ) લીમખેડા તા.10

સરકાર દ્વારા વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે ભ્રષ્ટાચારનો વધુ એક જીવતો-જાગતો પુરાવો લીમડી-લીમખેડા રોડ પર આવેલા વાંકોલ ગામમાં સામે આવ્યો છે. વાંકોલ ગામ પાસે અત્યંત જર્જરિત બની ગયેલા પુલના સમારકામ (રિપેરિંગ) માટે સરકાર દ્વારા લાખો રૂપિયાનું બજેટ ફાળવી ટેન્ડર તો પાસ કરાયું, પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા જનતાના ટેક્સના પૈસા પાણીમાં વહાવીને લોટ-પાણીને લાકડા જેવી હલકી કક્ષાની કામગીરી કરાતી હોવાની વ્યાપક રાડ ઉઠી છે. હાલ આ પુલની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે ડુંગરીથી લીમડી રોડ પરથી પસાર થતાં આ કામગીરીનું ઓચિંતુ નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, પુલના મજબૂત બાંધકામની જગ્યાએ કોન્ટ્રાક્ટર દ્વારા મોટા પાયે થર્મોકોલનો ઉપયોગ કરીને આજુબાજુમાં માલ (સિમેન્ટ-કોંક્રિટ) ભરીને ભ્રષ્ટાચાર પર પડદો પાડવાનો ખુલ્લેઆમ પ્રયાસ થઈ રહ્યો છે. કામગીરીની હલકી ગુણવત્તા જોઈને લોકોએ ભારે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સરકાર વિકાસના નામે જનતાને માત્ર લોલીપોપ આપી રહી છે. લાખોના ખર્ચે બનતા આ પુલમાં અત્યંત હલકી ગુણવત્તાનું બિન-ટકાઉ મટીરીયલ્સ વપરાઈ રહ્યું છે. જો પુલના પાયામાં જ થર્મોકોલ વપરીને વેઠ ઉતારવામાં આવતી હોય, તો આ પુલ કેટલા સમય સુધી ટકાઉ અને સુરક્ષિત રહેશે? આ સીધેસીધું જનતાના પૈસાનું વેડફાણ છે અને લોકોના જીવને જોખમમાં મૂકવાનું પાપ છે."

### ડુખળી ગામે ઝાડી ઝાંખરામાં ઝાડ પર લટકેલી હાલતમાં મળતા ચકચાર

## દેવગઢબારિયા તાલુકાના કુવા ગામના દંપતીની ડી કમ્પોઝ થયેલી લાશ મળી

(પ્રતિનિધિ) દાહોદ તા.10

દેવગઢબારિયા તાલુકાના કુવા ગામે ડુંગર ફળિયામાં રહેતા ૩૭ વર્ષીય ધીરાભાઈ સોનાભાઈ પટેલ તથા તેની પત્ની ૩૮ વર્ષીય ભારતીબેન ધીરાભાઈ સોનાભાઈ પટેલ એમ બંને પતિ-પત્નીના લગ્ન ૧૯ વર્ષ અગાઉ સામાજિક રીત રિવાજ મુજબ થયા હતા જે બંને જણા દસેક દિવસ અગાઉ વહેલી સવારે ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ પરત ઘરે આવ્યા ન હતા. ધીરાભાઈના પિતાએ તેઓની શોધખોળ પણ કરી હતી પરંતુ તે બંને નો કોઈ પત્તો લાગ્યો ન હતો. જ્યારે આ બંને પતિ-પત્નીની લાશ તારીખ ૫-૭-૨૦૨૬ નારોજ બપોરના સમય દેવગઢબારિયા તાલુકાના ડુખળી ગામે ખોસ ફળિયામાં પાનમ નદીના કિનારા નજીકના ઝાડી-ઝાખરામાં કાપડના એકદુપટ્ટા પડે ઝાડની ડાળીએગળે ફાંસો ખાધેલહાલતમાં ડી કમ્પોઝ થયેલી મળી આવી હતી. ઘટનાની જાણ દેવગઢબારિયા પોલીસને થતા જ દેવગઢબારિયા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ડી કમ્પોઝ થયેલી બંને પતિ પત્નીની લાશ ઝાડ પરથી ઉતારી પીએમ માટે દેવગઢબારિયા સરકારી દવાખાને મોકલી આપી હતી ઘટનાની જાણ મરણ જનાર ધીરાભાઈ સોનાભાઈ પટેલના પિતા સોનાભાઈ વેચાતભાઈ પટેલને કરાતા તેઓ પણ દેવગઢબારિયા સરકારી દવાખાને દોડી આવ્યા હતા. આ સંબંધે તેઓએ પોતાના પુત્ર અને પુત્રવધુ બંનેને મનમાં કાંઈ લાગી આવતા કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવ્યું હોવાની લેખિત જાહેરાત દેવગઢબારિયા પોલીસ સ્ટેશનમાં આપતા દેવગઢબારિયા પોલીસ આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

### ધાનપુરમાં કૂવો બનાવ્યા વિના સરકારી નાણાંનું ચુકવણું?

## પીપોદરા ખાતે કૂવાનું સરકારી ચોપડે ચૂકવણુ, સ્થળ પર અસ્તિત્વ જ નથી



(પ્રતિનિધિ) દાહોદ તા.10

લાભાર્થીનો ગંભીર આક્ષેપ, તપાસની માંગ ઉઠી

ધાનપુર તાલુકાના પીપોદરા ગામના એક લાભાર્થીએ ગંભીર આક્ષેપ કર્યો છે કે તેમના નામે જે સર્વે નંબરની જમીન પર કૂવો બનાવવાનો દર્શાવી સરકારી ચુકવણું કરવામાં આવ્યું છે, તે જમીન પર વાસ્તવમાં કૂવો બનાવવામાં આવ્યો જ નથી. લાભાર્થીના જણાવ્યા મુજબ, સંબંધિત સર્વે નંબર પર કોઈ કામ થયું નથી છતાં કૂવો પૂર્ણ થયેલો બતાવી સરકારી પેમેન્ટ ઉપાડી લેવામાં આવ્યું છે. લાભાર્થીએ વધુમાં જણાવ્યું કે તેમણે આજદિન સુધી સરકારની કોઈપણ યોજનાનો લાભ લીધો નથી અને સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. આ મામલે લાભાર્થીએ ધાનપુર તાલુકા વિકાસ અધિકારી (TDO) તેમજ દાહોદ જિલ્લા વિકાસ અધિકારી (DDO) ને લેખિત રજૂઆત કરી તપાસ અને જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમ છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. લાભાર્થીએ માંગ કરી છે કે સમગ્ર મામલાની સ્થળ તપાસ કરી, જો કોઈ અનિયમિતતા કે ગેરરીતિ થઈ હોય તો જવાબદાર અધિકારીઓ અથવા સંકળાયેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવે અને સરકારના નાણાંનો દુરુપયોગ અટકાવવામાં આવે.

### સથલોખર સિનર્જીઝને 75.52 કરોડના નવા ઓર્ડર

વડોદરા: સથલોખર સિનર્જીઝ ઈ|સી ગ્લોબલ લિમિટેડે એમઈપી, સિવિલ અને ઈલેક્ટ્રિકલ વર્ક્સના પાંચ નવા ઓર્ડર મેળવ્યા છે. આશરે 75.52 કરોડ (જીએસટી સિવાય)ના આ નવા ઓર્ડર સાથે કંપનીની નાણાકીય વર્ષ 2026-27 માટેની કન્ફર્મ્ડ ઓર્ડર બુક વધીને 915.74 કરોડ (જીએસટી સિવાય) થઈ છે. કંપની આ તમામ પ્રોજેક્ટ્સ આગામી ત્રણથી નવ મહિનામાં પૂર્ણ કરશે. નવા ઓર્ડરોમાં હાઈ ગ્લોરી ફૂટવેર ઈન્ડિયા અને ગ્રાન્ડ એટલાન્ટિયા પાનપક્કમ એસઈઝેડ માટે એમઈપી વર્ક્સ, એનાબોન્ડ લિમિટેડ માટે સિવિલ વર્ક્સ, રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ માટે નવી પ્રોજેક્ટ સાઈટના સિવિલ કામ તેમજ કરાઈકલ આયંગર્સ ફૂડ્સ માટે ઈલેક્ટ્રિકલ વર્ક્સનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને પોંડિચેરીમાં અમલમાં મુકવામાં આવશે.

### તાલુકા કચેરીના અધિકારીઓ દ્વારા માત્ર આશ્વાસન જ અપાય છે

## સુખસર તાલુકામાં ત્રણ માસથી વૃદ્ધ પેન્શન યોજનાના નાણા મળતા નથી



(પ્રતિનિધિ) સુખસર,તા.10

વૃદ્ધાવસ્થાએ પહોંચેલા અને સાઈઠ વર્ષથી વધુ ઉંમર અને બીપીએલ હેઠળ જીવતા વૃદ્ધ લોકોને સરકાર દ્વારા દર માસે વૃદ્ધ પેન્શન યોજના હેઠળ રૂપિયા એક હજાર સહાય આપવામાં આવે છે.અને તેના દ્વારા મોટાભાગના વૃદ્ધો પોતાનો જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે.કેટલાક અશક્ત લોકોને મહેનત મજૂરી નહીં થતી હોય મુખ્ય આધાર વૃદ્ધ પેન્શનના નાણા એક માત્ર આધાર હોય છે.

સુખસર તાલુકામાં છેલ્લા ત્રણ માસ ઉપરાંત થી કેટલાક વૃદ્ધ સહાય મેળવતા લાભાર્થીઓને નાણાં નહીં મળતા મુશ્કેલીમાં મુકાયા હોવાનું જાણવા મળે છે. સરકાર દ્વારા 60 વર્ષથી વધુ ઉંમર ધરાવતા વૃદ્ધ લોકોને વૃદ્ધ પેન્શન યોજના હેઠળ દર મહિને 1000 રૂપિયાની સહાય આપવામાં આવે છે.

જે અનેક વૃદ્ધો માટે વૃદ્ધાવસ્થાએ જીવન ટકાવી રાખવા અને બે ટંકના ભોજન માટે મહત્વનો ભાગ ભજવે છે.સુખસર તાલુકામાં અનેક વૃદ્ધ લોકોને ત્રણ માસ ઉપરાંતથી આ સહાયના નાણા નહીં મળતા જે નિયમોનુસાર કેવાયસી કરાવવાનું હોય તે પણ કરાવી દીધેલ હોવા છતાં પોતાના ખાતામાં નાણાં નહીં આવતા વૃદ્ધ અશક્ત લોકો ફતેપુરા-સુખસર તાલુકા કચેરીના અનેક વાર ધક્કા ખાઈ રહ્યા છે.ત્યાંથી માત્ર આશ્વાસનો આપી આપના ખાતામાં નાણાં જમા થઈ જશેના જવાબોઆપવામાં આવે છે.

સરકાર દ્વારા વખતોવખત કેવાયસી વિગેરે કાર્યવાહી કરવા છતાં ખાતામાં નાણા નહીં આવતા હોવાનો આક્ષેપ અનેક વૃદ્ધ લોકો કરી રહ્યા છે. જવાબદાર વહીવટી તંત્રો તાત્કાલિક ધ્યાન આપે અને જે વૃદ્ધ લોકોને ત્રણ માસ ઉપરાંત થી વૃદ્ધ પેન્શન યોજનાના નાણા ચુકવણી કરવામાં આવેલ નથી તેઓને વહેલી તકે નાણાં ચૂકવી આપવામાં આવે તેવી માગ પ્રબળ બની છે.

### પાવાગઢમાં દબાણ હટાવો કાર્યક્રમ યોજાયો



હાલોલ : આજ રોજ તા:10.7.2026 ના રોજ ચાંપાનેર (પાવાગઢ) ગ્રામ પંચાયત બોડી તથા સરપંચ , ચાંપાનેર ગામના રહેવાસીઓ તેમજ દુકાનદારો દ્વારા સાથે મળી ને જે ભયજનક સ્થાનો છે માંચી થી તારાપૂર દરવાજા સુધી ભયજનક દબાણ ગ્રામ પંચાયત બોડી તેમજ ગ્રામ પંચાયત દ્વારા અગત્ય ની સૂચના ઓ આપી સ્વેચ્છા એ દુકાનદારો એ જાતે રસ્તા માં આવતા પથ્થરો તેમજ ભયજનક દબાણો વગેરે હટાવી ને યાત્રાધામ પાવાગઢમાં આવતા યાત્રિકો તેમજ સ્થાનિક રહી સોની ની સલામતી જળવાઈ રહે તેના પ્રયાસો કર્યા.

### મોટી સંખ્યામા શ્રદ્ધાળુઓ પાવાગઢ પહોંચ્યા

## પાવાગઢમાં ભવ્ય જેનેશ્વરી દીક્ષા કાર્યક્રમનો આરંભ

(પ્રતિનિધિ) દાહોદ તા.10

લવકુશની મોક્ષસ્થળી અને ગુજરાતની પવિત્ર સમાધિ સમ્રાટ સંત શિરોમણી આચાર્ય ભગવંત શ્રી વિદ્યાસાગર જી મહામુનિરાજના પ્રમુખ પરમ પ્રભાવક શિષ્ય અભિક્ષણ જ્ઞાન ઉપયોગી પ્રાકૃત ભાષા મર્મગ્ય અને અર્હમ યોગ પ્રણેતા પરમ પૂજ્ય મુની ૧૦૮ શ્રી પ્રણમ્ય સાગર જી મહારાજ, પરમ પૂજ્ય આચાર્ય સમય સાગરજી મહારાજના મંગલ આશીર્વાદથી લવકુશ સહિત પાંચ કોડી મુનિરાજોની નિર્વાણ ભૂમિ પાવાગઢમાં આજે તારીખ ૧૦ થી પ્રથમ વખત ભવ્ય જૈનેશ્વરી દીક્ષા આપવાનો કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગુજરાત રાજસ્થાન મધ્યપ્રદેશ શહિત દેશમાંથી શ્રદ્ધાળુ મોટી સંખ્યામાં ઉમટીયા છે આ અધ્યાત્મિક અને વૈરાગ્યમય મહામહોત્સવ પોતાનામાં એક અનુઠો અને અદ્વિતીય આયોજન છે ગુજરાતની આ પુણ્ય ધરા પર પ્રથમ વખત સ્વર્ણીમ અક્ષરોથી ઈતિહાસ લખાશે સુંદર મનોરથ અને હ્રદય સ્પર્શી વૈરાગ્ય વર્ધક વાતાવરણમાં ગુરુદેવ શ્રી પ્રણમ્ય સાગરજી મહારાજ પોતાના શિષ્યો એલક શ્રી અનુનય સાગરજી, અનુરૂપ સાગર જી અનુગમ્ય સાગરજી અને અનુસંગ સાગરજીને દીક્ષા આપવા માટે પોતાના મુખારવિંદથી મંત્રોચ્ચાર કરી મુની દીક્ષાના પુનિત પાવન સંસ્કાર આપશે આ સંયમ મહોત્સવ માં મોટી સંખ્યામાં દેશમાંથી શ્રદ્ધાળુઓ પાવાગઢ પહોંચ્યા છે અને આ દીક્ષા મહોત્સવનો લાભ લઈ રહ્યા છે

### સોલાર કંપનીમાં ગાડી ભાડે રાખવાનું જણાવી ૧૮ થી ૨૦ હજાર એડવાન્સ ભાડું ચૂકવી વિશ્વાસ કેળવ્યો હતો

## ઝાલોદમાં વાહનો ભાડે રાખી ૧૫ ખેડૂતના ૧૩ ટ્રેક્ટર, બોલેરો અને ક્રૂઝર લઈ ઠગ ટોળકી ફરાર

(પ્રતિનિધિ) દાહોદ તા.10

ઝાલોદ તાલુકાના વિસ્તારોમાં ખેડૂતોની રોજી રોટી સમાન ટ્રેક્ટર અને વાહનોને નિશાન બનાવતી એકહાઈ-પ્રોફાઈલ ઠગ ટોળકીનુ ઠગાઈનું મસ મોટું કારસ્તાન બહાર આવ્યું છે. અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે ની સોલાર કંપનીમાં વાહનો ભાડે રાખવાના બહાને ત્રણ ભેજાબાજો એ કુલ ૧૫ જેટલા વાહનો પચાવી પાડી ખેડૂતોને લાખ્ખોનું આર્થિક નુકસાન પહોંચાડયું હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત મુજબ ગત ૨૩ એપ્રિલ ૨૦૨૬ ના રોજ ત્રણ જેટલા ભેજા બાજો ઝાલોદ ખાતે ખેડૂતોના ઘરે આવ્યા હતા. તેઓ પોતાને સોલાર કંપની સાથે સંકળાયેલા દર્શાવી લાલચ આપી હતી કે, કંપનીના સ્ટાફની અવરજવર માટે બોલેરો અને તુફાન ગાડી તેમજ સોલાર કંપનીમાં ટ્રેક્ટર ભાડે જોઈએ છે. આ માટે માસિક ૧૮થી ૨૦ હજાર રૂપિયા ભાડું, ડીઝલ અને મેન્ટેનન્સ નો તમામ ખર્ચ કંપની ભોગવશે તેવી વાતો કરી ખેડૂતોનો વિશ્વાસ જીતી લીધો હતો. ઝાલોદના ડામોર અલ્કેશ દ્વારા વિજયભાઈ પરમાર અને મછાર પ્રવીણભાઈ જેવા મળતીયાઓ ના નામ આપી ખેડૂતોને જાળમાં ફસાવ્યા હતા. આરોપીઓ ગાડીઓ તો લઈ ગયા પરંતુ બે મહિનાઓ વિતી ગયા હોવા છતાં એક પણ રૂપિયો ભાડું ખેડૂતોના ખાતામાં જમા થયું ન હતું.

જ્યારે વાહન માલિકોએ ફોન કરીને પૈસાની ઉઘરાણી કરી, ત્યારે આરોપીઓએ, "મહિનો પૂરો થવા દો, પૈસા આવી જશે. 'તેવા વાયદા કરી સમય પસાર કર્યો હતો. જયારે ૪ જુલાઈ ના રોજ ખેડૂતો તપાસ અર્થે માલપુર પહોંચ્યા ત્યારે ત્યાં સોલાર ની કોઈ કંપની કે વાહનોનો પતો મળ્યો ન હતો. અને ભેજા બાજ ઠગો પોતાનો મોબાઈલ પણ સ્વીચ ઓફ કરીને ફરાર થઈ ગયા હતા.

**ભોગ બનેલા ખેડૂતો**

(૧) માલીવાડ પંકજભાઈ-ટ્રેક્ટર (૨) માલીવાડ મિતુલભાઈ--તુફાન ગાડી (૩) ગરાસીયા ભરતભાઈ-- ટ્રેક્ટર (૪) માલીવાડ જીગ્નેશભાઈ- ટ્રેક્ટર (૫) વગેલા નિલેશભાઈ --ટ્રેક્ટર (૬) રાવત ભાવસિંગભાઈ- ટ્રેક્ટર (૭) ડામોર સુરતાનભાઈ-- ટ્રેક્ટર (૮) કટારા રાહુલભાઈ--બોલેરો ગાડી(૯) કટારા કલસીંગ ભાઇ-ટ્રેક્ટર (૧૦) મછાર સુક્રમ ભાઈ--ટ્રેક્ટર (૧૧) કટારા માલા ભાઈ--ટ્રેક્ટર (૧૨) કટારા પીન્ટુ ભાઈ--ટ્રેક્ટર (૧૩) સુવર નરસિંગ ભાઈ--ટ્રેક્ટર (૧૪) ગરાસીયા રાકેશ ભાઈ--ટ્રેક્ટર (૧૫) ડામોર સુક્રમ ભાઈ--ટ્રેક્ટર.

### ગોધરાની સૂફી મસ્જિદ પાસેથી ઝડપી પડાયો

## ગોધરા LCBએ એક વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો




(પ્રતિનિધિ) ગોધરા તા.10

જિલ્લા પોલીસ ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમ કાર્યવાહી કરી રહી હતી તે દરમિયાન પોલીસને ખાનગી બાતમીદાર થકી ચોક્કસ માહિતી મળી હતી કે, પશુઓ પ્રત્યે ક્રૂરતા આચરવાના ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ અને ગોધરામાં સાતપુલ ખાતે આવેલી અક્સા મસ્જિદ પાસે રહેતો આરોપી મોહસીન લતીફ ગુણીયા હાલ ગોધરાની સુફી મસ્જિદ પાસે ઊભો છે. આ સચોટ બાતમીના આધારે એલસીબીના સ્ટાફે તાત્કાલિક સુફી મસ્જિદ વિસ્તારમાં પહોંચીને ગુપ્ત રાહે વોચ ગોઠવી હતી અને બાતમી મુજબના આરોપી મોહસીનને સ્થળ પરથી જ દબોચી લીધો હતો. પકડાયેલા આરોપી વિરુદ્ધ ગોધરા બી ડિવિઝન પોલીસમાં પ્રાણીઓની સાચવણી અને પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા અને તે પોલીસ પકડથી બચવા નાસતો ફરતો હતો. હાલમાં એલસીબીએ આરોપીની અટકાયત કરી ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને સુપરત કર્યો છે.

### રૂપિયા એક લાખ સામે ત્રણ લાખ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી

## કાલોલની "મા ફાઈનાન્સ" સામે ફરી પઠાણી ઉઘરાણી-ધમકીની ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ તા.10

કાલોલના ગોળીબાર વણઝારા વાસમાં રહેતા અને છૂટક મજૂરી કરતા હસમુખજી તેજાજી વણઝારાએ વર્ષ ૨૦૨૩માં પોતાના ટ્રેક્ટરના હપ્તા ભરવા માટે પૈસાની જરૂરિયાત ઊભી થઈ હતી. આ માટે તેઓ કાલોલ ખાતે આવેલી 'માં ફાઈનાન્સ' ની ઓફિસે ગયા હતા. જ્યાં ફાઈનાન્સના માલિક દીપેશ ઉર્ફે દીપક રાજપુત એ માસિક ૧૦% ના ઊંચા વ્યાજે અને રોજિંદા રૂ. ૧,૦૦૦ ના હપ્તા પેટે (૫૦ દિવસની શરતે) રૂ. ૫૦,૦૦૦ ની લોન મંજૂર કરી, સિક્યોરીટી તરીકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બે કોરા ચેક, આધાર કાર્ડ અને ફોટા મેળવી રૂ. ૪૪,૦૦૦ રોકડા આપ્યા હતા ફરિયાદ મુજબ, ફરિયાદી હસમુખજી બીમાર પડતાં અને નાણાંની ભીંસ વધતાં તેમણે અવારનવાર વધુ રકમ વ્યાજે લેવી પડી હતી. ગત ૨૯ જૂન ૨૦૨૬ના રોજ ફાઈનાન્સના માણસોએ ફોન કરી લોન રેગ્યુલર કરવા દબાણ કર્યું હતું. ફરિયાદી ઓફિસે જતાં જુનું વ્યાજ કાપીને વધુ રૂ. ૧,૦૦,૦૦૦ ની લોન કરી આપી રોજ ના રૂ. ૨,૦૦૦ ઉઘરાવવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીએ આજદિન સુધી રોકડ તેમજ ઓનલાઈન માધ્યમથી આશરે રૂ. ૩ થી ૪ લાખ જેટલું માતબર વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં વ્યાજખોરોની ભૂખ સંતોષાઈ ન હતી.ગત તા. ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ હસમુખજી અલીન્દ્રા ચોકડી ખાતે બેઠા હતા, ત્યારે 'માં ફાઈનાન્સ' ના માલિક દીપેશ રાજપુત અને તેનો માણસ જીગર પરમાર (રહે. શામળદેવી, કાલોલ) ત્યાં ધસી આવ્યા હતા. કહ્યું હતું કે: "જો વ્યાજના રૂપિયા નહીં આપે તો તને ઘરેથી ઉપાડી જઈશું, તારા ટાંટિયા તોડી નાખીશ અને સિક્યોરીટી પેટે આપેલા કોરા ચેકોમાં મોટી રકમ ભરી ચેક બાઉન્સ કરાવી તને જેલમાં પુરાવી દઈશ. અંતે હસમુખજી વણઝારાએ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે બંને આરોપીઓ (૧) દીપેશ રાજપુત (માલિક, માં ફાઈનાન્સ, કાલોલ) અને (૨) જીગર પરમાર (રહે. શામળદેવી, કાલોલ) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પંચમહાલ લોકસભાના સાંસદના જન્મદિન નિમિત્તે કાર્યક્રમો

## કરોલી-અલાલી-ગોધરામાં લોકાર્પણ અને કેમ્પ યોજાયા

(પ્રતિનિધિ) કાલોલ તા.10

પંચમહાલ લોકસભાના સાંસદ રાજપાલસિંહ જાદવના જન્મદિવસ નિમિત્તે આજે સમગ્ર પંચમહાલ જિલ્લામાં વિવિધ સેવાકીય અને વિકાસલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમની શરૂઆત સવારે ૯:૦૦ વાગ્યે કરોલી ખાતે ગૌ પૂજન તથા પશુ સારવાર અને નિદાન કેમ્પના શુભારંભ સાથે થઈ હતી. ત્યારબાદ ગ્રામ પંચાયતના નવીન ભવનનું લોકાર્પણ, નવા પશુ દવાખાનાનો પણ શુભારંભ કરાયો હતો, બાદમાં સવારે ૧૦:૩૦ વાગ્યે અલાલી ખાતે પ્રાથમિક શાળાના મલ્ટીપર્પઝ શેડનું લોકાર્પણ બાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. સવારે ૧૧:૦૦ વાગ્યે ગોધરા વિવેકાનંદનગર સોસાયટી માર્કેટિંગ યાર્ડ ખાતે આવેલ



શિશુગૃહના બાળકો સાથે સાંસદએ જન્મદિવસની ઉજવણી કરી હતી અને બપોરે ૨:૦૦ વાગ્યે ગોધરા નગરપાલિકા ખાતે પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને શુભેચ્છકો સાથે સાંસદ રાજપાલસિંહ જાદવે શુભેચ્છા મુલાકાત કરી હતી.

## રોટરી ક્લબ હાલોલ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું

હાલોલ : ગુરૂવાર ના રોજ કલરવ શાળાના સ્થાપક એવા સ્વ. પ્રકાશ ચંદ્ર જોષીપુરા ની તૃતીય પુણ્યતિથિ. એક એવી વિરલ વ્યક્તિ કે જેને ખરેખર પોતાના નામનો પ્રકાશ પાથરીને સાર્થક બનાવ્યું. જેમ વાદળાઓની વચ્ચે સુરજ સંતાય પણ પોતાની આભા થી આકાશને દૈદીપ્યમાન કરે છે તેવી જ રીતે પ્રકાશ જોશીપુરા એ પોતાના પ્રકાશથી કલરવ શાળાને દૈદીપ્યમાન કર્યું છે .આ તૃતીય પુણ્યતિથિએ કલરવ પરિવારે શબ્દ સુમનથી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, તેની સાથે સાથે જેને માનવસેવા એ જ પ્રભુ સેવાની ઉક્તિને સાર્થક કરી તેવા પ્રકાશ જોષી પુરાના ધ્યેયને જીવંત રાખવા શાળામાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. રક્તદાન એ જ જીવનદાન ઉક્તિને સાર્થક કરવા હાલોલ રોટરી ક્લબ, શ્રી મહાજન આરોગ્ય મંડળ, પોલિકેબ વેલ્ફેર ફાઉન્ડેશન બ્લડ સેન્ટર હાલોલ તથા ઈન્દુ વોલન્ટરી બ્લડ સેન્ટર વડોદરા ના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું આ રક્તદાનને સફળ બનાવવામાં શાળાના શિક્ષકો, વાલીઓ, હાલોલના નગરજનો તેમજ રોટરી ક્લબના સભ્યોએ મળીને કુલ ૧૩૨ બોટલનું રક્તદાન થયુ હતું.

**જાહેર નોટીસ** શ્રી એસ.સી. સંગાડા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

અરજદાર :- નિસરતા રામસીંગભાઈ સુરસીંગભાઈ
રહે.મેથાણ, તા. સીંગવડ જિ. દાહોદ
વિરૂધ્ધ
સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, મું.મેથાણ, ત. સીંગવડ, જી. દાહોદ

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૩૪૯/૨૦૨૬
તા.૦૬-૦૭-૨૦૨૬

**જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી નિસરતા રામસીંગભાઈ સુરસીંગભાઈ રહે. મેથાણ તા. સીંગવડ, જિ. દાહોદનાઓએ જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે. તેઓએ તેમના પુત્ર નામે નિસરતા અશ્વિનભાઈ રામસીંગભાઈનો જન્મ તા. ૦૫-૦૪-૨૦૦૫ના રોજ મુ. મેથાણ, તા. સીંગવડ, જિ. દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૬-૦૭-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એસ.સી. સંગાડા
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
અને મામલતદાર સીંગવડ